તા. ૦૪. ૦૬. ૨૦૨૫

સંદેશ, પાના નં. ૨૮

# ફ્લાઇટના બેથી ત્રણ ગણાં ભાડાં ચૂકવીને તો કોઇ મોંઘી ગાડી ઘરે મૂકી મેટ્રોમાં મેચ જોવા પહોંચ્યા

આરસીબી અને પંજાબના ફેન્સ દેશ-વિદેશમાંથી ઉમટ્યા હતા. કેટલાક ફેન્સ બેથી ત્રણ ગણા ભાડાં ચૂકવીને મેચ નિહાળવા પહોંચ્યા હતા તો કેટલાક મોંઘી ગાડી ઘરે મૂકીને મેટ્રો ટ્રેનમાં સ્ટેડિયમ પહોંચ્યા હતા. બપોરના ત્રણ વાગ્યાથી જ સ્ટેડિયમની બહાર પ્રેક્ષકોની ભીડ જોવા મળી હતી. સ્ટેડિયમમાં પ્રેક્ષકોને સાડા ચાર વાગ્યે પ્રવેશ આપવાનો શરૂ કરાયો હતો. મેચ શરૂ થઈ ગયો ત્યાં સુધી ગેટ પર એટલા લોકો ભેગા થયા કે પગ મૂકવાની જગ્યા ન હતી.